# પ્રસાર ભારતી
## પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 17-05-2024 સવારે : 7.10 થી 7.20

- ✓ હવામાન વિભાગે અમદાવાદ સહિત બનાસકાંઠામાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી
- ✓ આગામી ત્રણ દિવસ દરમિયાન વલસાડ અને સૌરાષ્ટ્ર અને કચ્છ સહિતના વિસ્તારમાં હિટવેવની સ્થિતી સર્જાવાની શક્યતા
- ✓ રાજકોટના કોટડા સાંગાણીમાં પ્રિ મોન્સૂન એક્ટિવિટી અંતર્ગત બેઠક યોજાઇ ...કોઇપણ સ્થિતિને પહોંચી વળવા તંત્ર સજ્જ
- ✓ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા 24મી જૂને ધોરણ દસ અને બારની પૂરક પરીક્ષા લેવાની જાહેરાત
- ✓ ગીર સોમનાથના વેરાવળ પાસેથી જીલ્લા પુરવઠા વિભાગે સગેવેગ થતા ચોખાના પાંચ લાખ રુપિયાના જથ્થાને જપ્ત કર્યો ...

## Weather..

હવામાન વિભાગે આજે ગાજવીજ સાથે વરસાદની આગાહી કરી છે.

આગામી પાંચ દિવસની આગાહી મુજબ આજે સૌરાષ્ટ કચ્છ અને અમદાવાદ , બનાસકાંઠા સહિતના વિસ્તારોમાં ચાળીસથી પચાસ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે.. જ્યારે દક્ષિણ ગુજરાતના વલસાડમાં હિટવેવની સ્થિતિની શક્યતા પણ દર્શાવવામાં આવી છે. ત્રણ દિવસ સીધી  સૌરાષ્ટ્ર કચ્છ અને વલસાડમાં હિટવેવની સ્થિતી સર્જાવવાની આગાહી હવામાન વિભાગે કરી છે.. જોકે ત્રણ દિવસ બાદ ગરમીની કોઇ ચેતવણી આપવામાં આવી નથી.

જ્યારે ગઇકાલે રાજ્યમાં આઠ તાલુકાઓમાં મધ્યમથી હળવો વરસાદ થયો હતો..જેમાં મોરબીના ટંકારામાં 33 મિલીમિટર, અમરેલીમાં 19 મિલીમીટર ડાંગમાં બાર મિલીમીટર વરસાદ નોંધાયો હતો.. છેલ્લા ચોવિસ કલાક દરમિયાન હવામાન વિભાગે જાહેર કરેલા તાપમાનના આંકડા મુજબ બે શહેરોમાં 43 ડિગ્રીથી વધુ તો ત્રણ શહેરમાં 42 અને પાંચ શહેરનું મહત્તમ તાપમાન 40 ડિગ્રીને પાર પહોંચ્યું છે.

રાજકોટ અને સુરેન્દ્રનગરનું તાપમાન 43 ડિગ્રીને પાર થતા ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અમદાવાદનું મહત્તમ તાપમાન 39.5 પહોંચ્યું છે. તો પાટનગર ગાંધીનગરમાં પણ મહત્તમ તાપમાન 39.2 ડિગ્રી નોંધાયું છે.

(બાઈટ – રામાશ્રેય યાદવ, હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક)

.................

## PRE MOONSOON MEET

ચોમાસા પૂર્વેની તૈયારીઓના ભાગરૂપે રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણી અને જામકંડોરણા તાલુકાઓની મામલતદાર કચેરીઓ ખાતે પ્રી-મોન્સુન રીવ્યુ બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં કંટ્રોલરૂમ, તાલુકામાં આવેલા ડેમ, કેનાલોની ચકાસણી, વાહન વ્યવહાર માટે વૈકલ્પિક વ્યવસ્થાનું આયોજન કરાયુ હતું. બંને તાલુકાઓમાં વરસાદ માપક યંત્રની ચકાસણી, નીચાણવાળા વિસ્તારોમાંથી લોકોને સ્થળાંતર કરવા આશ્રયસ્થાનો નકકી કરવા, આશ્રયસ્થાનો પર તમામ આવશ્યક ચીજવસ્તુઓની વ્યવસ્થા ગોઠવવા અઁગેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી..

બચાવ રાહતની ટીમની વ્યવસ્થાઓ સહિતની જરૂરી તમામ થઈ રહેલી કામગીરી અંગે તાલુકા નોડલ ઓફિસર, જિલ્લા રજિસ્ટ્રારઅને લાયેઝન અધિકારીઓએ સમીક્ષા કરી હતી. જરૂરી સૂચનો તમામ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓને આપ્યા હતા. તેમજ કોઇપણ સ્થિતિને પહોંચી વળવા માટે સજ્જ રહેવા સૂચના અપાઇ હતી.. ઉપરાંત સુરત જિલ્લામાં પણ પ્રિ મોન્સુન સમીક્ષા બેઠક યોજાઈ હતી.

.................

## FILM STARCAST MESSAGE

હિન્દી ફીચર ફિલ્મ "બારહ બાય બારહ"ની ટીમે અમદાવાદ આકાશવાણી દ્વારા ચાલી રહેલા સ્વચ્છતા હસ્તાક્ષર અભિયાનમાં ભાગ લીધો હતો અને આકાશવાણીના પરિસરમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું.

આ ઉપરાંત ફિલ્મની ટીમે આકાશવાણી સ્ટુડિયોની પણ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે "બારહ બાય બારહ" ફિલ્મના દિગ્દર્શક ગૌરવ મદને અમદાવાદને હરિયાળું રાખવા સંદેશો પાઠવ્યો હતો.

.................

## RTO

ડ્રાઇવિંગ લાયસન્સની સેવાઓ માટેના સારથી પોર્ટલની વેબસાઇટ ઉપર ડેટા બેઝ મેન્ટેનન્સની કામગીરી ચાલુ હોવાથી રાજ્યની આરટીઓ કચેરી ખાતે લર્નિંગ લાયસન્સ તેમજ ડ્રાઇવિંગ લાયસન્સની લગતી સેવાઓ 18મી મે સવારના દસ વાગ્યા સુધી બંધ રહેશે. તેમ વાહન વ્યવહાર કમિશનરની કચેરીની યાદીમાં જણાવાયું છે.

.................

## Mahisagar: Road accident

મહીસાગર જીલ્લામાં બાબલીયા ડિટવાસ રોડ પર બાઇક અને કાર વચ્ચે અકસ્માત થતાં બાઇક પર સવાર કુલ 3 લોકો પૈકી બે લોકોના ઘટના સ્થળે મોત નિપજ્યા છે, જયારે બાળકનો બચાવ થયો છે.

અમારા મહીસાગર જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે, રાજસ્થાનથી લુણાવાડા જતાં પરિવારને અકસ્માત થતા એક જ પરિવારના 2 લોકો એ જીવ ગુમાવ્યો છે. હાલ બાકોર પોલીસે ઘટના સ્થળે જઈ તપાસ હાથ ધરી છે.

.................

## PURAK PARIKSHA

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડ દ્વારા હાલમાં જ ધોરણ દસ અને બારના પરિણામ જાહેર કરાયા હતા..

હવે બોર્ડે પૂરક પરીક્ષાની તારીખ જાહેર કરી છે.. ધોરણ-10, ધોરણ -12 સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી અને વ્યવસાયલક્ષી પ્રવાહ તેમજ

સંસ્કૃત પ્રથમા અને સંસ્કૃત મધ્યમાની પૂરક પરીક્ષા 24મી જૂનના રોજ યોજાશે..આ અંગેનો વિગતવાર કાર્યક્રમ આગામી સમયમાં જાહેર કરવામાં આવશે.

.................

## GIR SANSKRUT UNI

વેરાવળ સ્થિત સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક અને સંશોધન ક્ષેત્રમાં સમજૂતી પર હસ્તાક્ષર કરાયા છે.

સોમનાથ યુનિવર્સિટીમાં નવી દિલ્હીની સેન્ટ્રલ સંસ્કૃત યુનિવર્સિટી સાથે આ કરાર કરાયા છે.. બંને યુનિવર્સિટીના કુલપતિઓ દ્વારા આ હસ્તાક્ષર કરાયાં હતાં.. આગામી સમયમાં સંશોધન અને શૈક્ષણિક ક્ષેત્રે બંને યુનિવર્સિટીઓ સંયુક્ત કામગીરી હાથ ધરશે.

.................

## CHOKHA JAPT

વેરાવળ બાયપાસ પાસેથી સગેવગે થતો ચોખાનો જથ્થો જપ્ત કરાયો હતો..

ગીર સોમનાથના પુરવઠા વિભાગની ટીમ દ્વારા 380 કટ્ટા ચોખાનો 19 હજાર 240 કિલોનો જથ્થો ઝડપવામાં આવ્યો હતો..

ઝડપાયેલા આ અનાજની કિંમત 5 લાખથી વધુની છે.. જીલ્લાની ટીમને મળેલી બાતમીના આધારે વેરાવળ-જૂનાગઢ નેશનલ હાઇવે પર ડારી ઓવરબ્રીજ નજીક શંકાસ્પદ ટ્રકને અટકાવવામાં આવી હતી. જેમાં તપાસ કરતાં ચોખાનો જથ્થો મળી આવ્યો હતો.. પ્રાથમિક તપાસમાં એક ટ્રેડિંગ કંપનીનો અનાજનો શંકાસ્પદ જથ્થો હોવાનું બહાર આવ્યુ હતું.. ઝડપાયેલી ટ્રક સહિતનો મુદ્દામાલ કબજામાં લઇને વેરાવળના ગોડાઉન મેનેજરને મુદ્દામાલ સુપરત કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

.................

## PUSTAK MELO

બાળકોમાં બાળપણથી જ વાંચનની ટેવ વિકસાવવા અમદાવાદ મેનેજમેન્ટ અસોસિએશન દ્વારા અમેઝિંગ ચિલ્ડ્રન્સ બુક ફેર 2024 યોજાયો છે.

5થી24 વર્ષના વયજૂથના શાળા-કોલેજના વિદ્યાર્થીઓ માટે 15 એપ્રિલથી 15 જૂન વચ્ચે AMAમાં સમર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે પુસ્તકમેળાનું ઉદ્ઘાટન જાણીતા બાળ સાહિત્યકાર અને બાલ સાહિત્ય અકાદમીના સ્થાપક યશવંત મહેતા અને પત્રકાર રમેશ તન્નાના હસ્તે કરવામાં આવ્યું.

માતાપિતા તેમના બાળકોને પુસ્તકો સાથે મિત્રતા કરાવી શકે તે અંગે વાત કરી હતી. પુસ્તકમેળો 17થી 19 મે સુધી સવારે 11 થી સાંજે 7 કલાક સુધી ચાલશે. આ મેળા દરમિયાન બે નિઃશુલ્ક વર્કશોપનું પણ આયોજન કરાયું છે.

.................

## Rajot- Kheti- Upayo

રાજકોટ જિલ્લામાં પંચાયતના જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા ખેડૂતો માટે રાસાયણિક પદાર્થો કે દવાઓના ઉપયોગ વગર વિવિધ પદ્ધતિઓ દ્વારા જમીનજન્ય રોગોનું વ્યવસ્થાપન કરવાના ઉપાયો સૂચવવામાં આવ્યા છે.

પ્લાન્ટ પ્રોટેક્શન એસોસિએશન ઓફ ગુજરાત અને જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી દ્વારા અપાયેલ માહિતીને આધારે સૂચનો આપવામાં આવ્યા છે. જેમાં ઉનાળામાં હળ કે ટ્રેક્ટરની દાંતીથી આડી ઉભી ખેડ કરવા માટે સૂચન આપવામાં આવ્યું છે.

જમીનજન્ય રોગો જેવા કે સૂકારો, મૂળનો કોહવારો, થડનો સડો, ગંઠવા કૃમિ જેવા રોગો ન થાય તે માટે દર વર્ષે એકના એક પાકનું વાવેતર ન કરતા વારાફરતી બીજા પાકોનું વાવેતર કરવાનો પણ અનુરોધ કરાયો છે. સંપૂર્ણ કોહવાયેલ, લીંબોળી તથા દિવેલીનો ખોળ, રાયડાનો ખોળ કે ગળતીયા છાણીયા ખાતરના વપરાશથી જમીનમાં રોગોનું પ્રમાણ ઘટાડી શકાય છે.

.................

## WORLD TELECOMM DAY

આજે ટેલિકોમ્યુનિકેશન એન્ડ ઈન્ફોર્મેશન સોસાયટી ડે મનાવવામાં આવી રહ્યો છે.

ઈન્ટરનેટ અને અન્ય ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજીનો ઉપયોગ સમાજ અને અર્થવ્યવસ્થામાં લાવી શકાય તથા તે અંગે જાગૃતિ લાવવા માટે આ

દિવસ ઉજવાય છે. છેલ્લા અમુક વર્ષોમાં, ભારતીય ટેલિકોમ સેક્ટરમાં નોંધપાત્ર વિકાસ જોવા મળ્યો છે.

આજે ભારત 4Gમાં 99 ટકા કવરેજ ફૂટપ્રિન્ટ ધરાવે છે જેમાં 4Gમાં આવરી લેવામાં આવેલા 6 લાખથી વધુ ગામો અને લગભગ સાડા ચાર લાખ 5G બેઝ સ્ટેશન ટ્રાન્સસીવર છે. ટેલિકોમ્યુનિકેશન વિભાગ વિશ્વ-કક્ષાની ટેલિકોમ ઇકોસિસ્ટમ બનાવવા માટે વ્યૂહાત્મક આંતરરાષ્ટ્રીય ભાગીદારી અને સહયોગ પણ સ્થાપિત કરી રહ્યું છે.

.................